ॐ



હે કરુણાસાગર! અમ બાળકોના તારણહાર, મોક્ષમાર્ગ પ્રકાશક, સદાય નિસ્પૃહ અને નિર્મળહૃદયી એવા આપ સૌમ્યમૂર્તિની ૮૯મી જન્મજયંતિ પ્રસંગે આપના ચરણકમળમાં ભક્તિપુષ્પ અર્પણ કરી આપને અભિવંદીએ છીએ.

- સ્વાનુભૂતિપ્રકાશ પરિવાર

# સ્વાનુભૂતિપ્રકાશ

વીર સંવત–૨૫૪૬ : અંક–૨૫૩, વર્ષ–૨૩, ડિસેમ્બર–૨૦૧૮

## અષાઢ સુદ ૧૧, મંગળવાર, તા.૨૮–૦૬–૧૯૬૬, યોગસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીનું પ્રવચન, ગાથા–૫૮, પ્રવચન–૨૦

હવે કહે છે, **'હું દેહાદિરૂપ નથી, એવું જ્ઞાન જ મોક્ષના બીજરૂપ છે.'** લ્યો! એ જ્ઞાન મોક્ષનું બીજ (છે), દુનિયાના કોઈ જ્ઞાન મોક્ષનું બીજ નહિ. દેહાદિ હું નહિ. 'દેહાદિ' શબ્દ છે ને? (અર્થાત્) દેહ, વાણી, મન, રાગ, દ્વેષ, કલ્પના એ આદિ હું નહિ.

**देहादिउ जो परु मुणइ जेहउ सुण्णु अयासु।**
**सो लहु पावइ (?) बंभु परु केवलु करइ पयासु।।५८।।**

જેમ શૂન્ય આકાશ. એ આકાશને કોઈપણ પદાર્થનો સંબંધ દેખાય છતાં એને સંબંધ નથી. એમ ભગવાન આત્મા દેહ, વાણી, કર્મ, આ માતા, પિતા, કુટુંબકબીલો, બહારના ક્ષેત્ર, કાળના સંયોગ દેખાય પણ એ સંયોગમાં આત્મા છે જ નહિ. દરેક સંયોગથી આત્મા નિરાળો (છે). જેમ આકાશ વ્યાપક છે, નિર્મળ છે, એમાં બધા પદાર્થો ભેગા પડ્યા દેખાય છતાં આકાશ એનાથી ભિન્ન છે. આકાશ કોઈ દિ' એ પરપદાર્થરૂપે થયું નથી અને પરપદાર્થ આકાશરૂપે થયા નથી. કહો, સમજાણું?

**'આકાશ પર પદાર્થોના સંબંધ રહિત છે, અસંગ..'** એકલું છે. એમ ભગવાનઆત્મા અત્યારે અને ત્રિકાળ રાગના સંબંધમાં, માતા-પિતા, કુટુંબ, સ્વજન, વેરી, શત્રુ... સમજાય છે કાંઈ? કર્મ, એના મધ્યમાં રહેલું તત્ત્વ, છતાં તેની સાથે બિલકુલ ભિન્ન છે, બિલકુલ ભિન્ન છે. કાંઈ લેવા ને દેવા, પરની સાથે સંબંધ નથી. કહો, સમજાણું કાંઈ? આકાશમાં આટલા આટલા વાદળા થાય, કેટલા પંચરંગી, વરસાદના ધોધ પડે, આકાશને કાંઈ લેવા-દેવા નથી. એમ ભગવાન આત્મા આકાશ સમાન નિર્લેપ, અસંગ અને ભિન્ન. એને ભિન્ન પદાર્થ જેટલા જેટલા કહેવામાં આવે, દયા, દાનના વિકલ્પથી માંડીને જેટલા પર (પદાર્થ), એને અને એને કાંઈ સંબંધ છે નહિ. ઓહો..હો..! એવા આત્માને અંદર અનુભવવો એનું નામ સમ્યગ્દર્શન અને જ્ઞાન છે.

મુમુક્ષુ :- આકાશમાં કાંઈ વિક્રિયા થવાનો સંભવ નથી.

ઉત્તર :- પણ શેની વિક્રિયા? આકાશમાં થાય છે? એમ આત્મદ્રવ્યમાં નથી. પર્યાય પણ એક સમયની કૃત્રિમ અવસ્થા છે, એ ક્યાં ત્રિકાળી તત્ત્વ છે? એ તો આસ્રવતત્ત્વ છે, એ કાંઈ આત્મદ્રવ્ય નથી.

મુમુક્ષુ :- એની છે.

ઉત્તર :- ના, ના. એની છે જ નહિ. એમ છે ઈ. વિકૃત અવસ્થા એ આસ્રવતત્ત્વ છે, આત્મતત્ત્વ નહિ. કહો, સમજાણું કાંઈ? પર્યાય ભલે ઈ પણ પર્યાય એટલે આસ્રવતત્ત્વ. ભગવાન જ્ઞાયકતત્ત્વ. આકાશને અને પરને કાંઈ સંબંધ નહિ, અગ્નિના ભડકા

આકાશમાં થાય, હડ.. હડ.. હડ.. હડ... હડ.. (થતા) હોય, આકાશને કાંઈ સંબંધ છે? અગ્નિને ને એને કાંઈ સંબંધ છે? કોને? આકાશને. આખા મોટા ડુંગરા સળગે. હારબંધ આમ શ્રેણી, હોં! સળગતા હોય. આકાશને કાંઈ સંબંધ નથી. ભગવાન-આકાશ, અરૂપી આકાશ સમાન અસંખ્ય પ્રદેશી નિર્લેપ, અસંગ (છે).

આ શરીર મોટું ગૂમડું આખું છે લ્યો આ. શરીર પોતે જ ગૂમડું છે. એ ગૂમડામાં ગમે એવા ભડકા થાય તો આત્માને કાંઈ અડે એવા નથી, એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? કહે છે ને? એક અંગૂલમાં છન્નુ રોગ. 'કુંદકુંદાચાર્યમહારાજ' કહે છે ને? શરીરના એક અંગૂલમાં છન્નુ રોગ. પણ એ રોગ શરીરમાં, આત્માને અડતા જ નથી ને! આકાશ પડ્યું છે ત્યાં ભડકા થાય, તે ભડકા આકાશને અડતા જ નથી ને! આહાહા..! સમજાણું કાંઈ? એમ ચૈતન્યજ્યોત ભડકો આકાશ સમાન અરૂપી અસંગ, એને આ દેહાદિના, શરીરાદિ.. શરીરાદિ (શબ્દે) વાણી, મન બધું પોતાના આત્માથી પર જાણે છે. એ પર છે, પર છે. મારે અને એને કાંઈ સંબંધ નથી. આહાહા..!



છન્નુ છન્નુ હજાર સ્ત્રીના વૃંદમાં પડ્યો પણ આકાશ (સાથે) પરનું એકપણું થતું નથી, એમ આત્માને સમ્યગ્જ્ઞાનીને એને અને મારે કાંઈ (લેવાદેવા નથી). પર એ બધા નિરાળા નિરાળા રહ્યા છે, ભેગા કોઈ દિ' થયા નથી. છન્નુ હજાર સ્ત્રીના વૃંદમાં પડ્યો દેખાય. હીરા-માણેકના આમ મોટા હાર પહેર્યા હોય. ચૈતન્ય-આકાશને એ ચીજો, અસંગને સંગ કરતી નથી. એ અસંગનો સંગ કરતી નથી. આહાહા..! પોતે અસંગ ચીજ, પરનો સંગ કરતી નથી અને સંગવાળી ચીજ અસંગને અડતી નથી. એવો આકાશ સમાન ભગવાનઆત્મા અસંગ અને નિર્લેપ પરથી જુદો છે, લ્યો! ઓહોહો..! મોટી ઉપમા આપી દીધી.

'**सो परु बंभु लहु पावइ**' અનેક સંગના પ્રસંગમાં રહ્યો છતાં સ્વભાવ, સંગ પ્રસંગ વિનાનો છે અસંગ છે. સમજાણું કાંઈ? એવી દૃષ્ટિ કરનારને પરમબ્રહ્મ પરમાત્મા પ્રાપ્ત થાય છે. સમજાણું કાંઈ? આ તો એકલું માખણ છે. 'યોગસાર' છે ને? આહાહા..!

મુમુક્ષુ :- દાખલા એવા છે ને કે પ્રત્યક્ષ તત્કાલ અનુભવ થાય પણ આ કરતો નથી.

ઉત્તર :- ત્યાં પણ કેટલી હોંશ કરી છે? આમ ચોપડ્યું ને આમ ફૂલ્યાફાલ્યા દેખાય ત્યાં, ભાઈઓને ને છોકરાઓને હોંશુ દેખાડે. જાણે અમે કેટલા કામ કર્યા! કેટલા કરીએ (છીએ)! જુઓ! તમારે આમ કરવું. ત્યારે અમે મોટપ લીધી છે ને તમે મને મોટપ આપો છે. બહારમાં પણ આમ ફૂલ્યોફાલ્યો ફળે. જુઓ! આ બધા કામ કરીએ છીએ, જુઓ! આમ કરીએ છીએ, હોં! અમે એકલા આમ નભતા નથી, તમારા આશ્રયે નભતા નથી, અમે પોતાના ઓલાથી નભીએ છીએ. આમ છે, આમ છે. ધૂળધાણી ને વાહપાણી. એ.. ભાઈ! એમાં જેમ હોંશ છે... એમ અહીં કહેવું છે. એમ પોતાની હોંશ બીજાને બતાવીને પોતે અધિક છું, એમ જે કહેવા માગે છે એમ અહીં રાગાદિથી મારી હોંશ બતાવવી? જ્ઞાનાદિકથી હું અધિક છું, જ્ઞાનાદિકથી હું અધિક છું, રાગથી અધિક છું નહિ.

આહાહા..! સમજાણું?

'**પરમબ્રહ્મ સ્વરૂપનો અનુભવ કરે છે,...**' '**કેવલુ પયાસુ**' એ '**કેવળજ્ઞાનનો પ્રકાશ કરે છે.**' આકાશ જેવો ભગવાનઆત્મા, અરે...! દષ્ટાંતો પણ કેવા! સિદ્ધાંતને સિદ્ધ કરે એવા! આહાહા! સમજાણું? કહો, સમજાણું?

'**જેમ આકાશમાં એક જ ક્ષેત્રે...**' એક જ ક્ષેત્રમાં આત્મા આકાશ છે ત્યાં એક ક્ષેત્રમાં ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ, કાળ, બીજા જીવો, જડ, પરમાણુ, પુદ્‌ગલો, નારકી, દેવ, હડહડતા નારકીના દુઃખો, બહારની સગવડતાના પાર નહિ એવા સ્વર્ગના સુખો એ આકાશને અડે ને આભડે, કાંઈ ન મળે. એમ ભગવાન સર્વવ્યાપક જ્યાં હોય ત્યાં જાણનાર.. જાણનાર.. જાણનાર.. જાણનાર.. જાણનાર.. જાણનાર.. એવો ભગવાન સર્વવ્યાપક આત્મા, ગમે તે નરકની સંયોગની દશામાં હો, સ્વર્ગના અનુકૂળની દશામાં હો, શરીરના હડહડતા (રોગ) હો, રોગે શરીર સડતું હો, એને કાંઈ અડતું ને આભડતું નથી. આહાહા..! એવો આકાશની જેમ આત્મા પરથી તદ્દન અસંગ (છે), એમ દષ્ટિ, અનુભવ કરતાં એને પરમબ્રહ્મ પરમાત્મા પોતાનું સ્વરૂપ પ્રાપ્ત કરે (અને) ક્રમે કેવળજ્ઞાન પામે. આ એનો ઉપાય છે. કહો, સમજાણું આમાં?

જેમાં અનંતા જીવ, અનંત પુદ્‌ગલ '**તેમના પરિણામથી આકાશમાં કોઈ વિકાર કે દોષ થતો નથી...**' આવે? કોઈ ગાળ્યું દે, તલવારથી મારી નાખે, ખૂન કરે એમાં આકાશને કાંઈ છે? '**આકાશ તેનાથી બિલકુલ શૂન્ય...**' તેમનાથી બિલકુલ શૂન્ય '**નિર્લેપ, નિર્વિકાર ટકી રહે છે, કદી પણ તેમની સાથે તન્મય થતું નથી.**' છઠ્ઠી ગાથામાં કહ્યું ને? જ્ઞાયક તો જ્ઞાયકભાવ જ રહ્યો છે, કોઈ દિ' જડ થયો નથી. જડ એટલે વિકલ્પરૂપે થયો નથી, એમ. વિકલ્પ તે અચેતન છે. ચૈતન્યના પ્રકાશના તેજસત્ત્વ, એ અચેતન વિકલ્પરૂપે કોઈ દિ' થાય? એકલું ચૈતન્યનું રસકંદ સત્ત્વ શાશ્વત, એને વિકલ્પ જે અચેતન જાત છે એ રૂપે જ્ઞાયક કોઈ દિ' થતો નથી. ચૈતન્ય ફીટીને ત્રણકાળ ત્રણલોકમાં જડ થતો નથી. એવા આત્માને અંતર દષ્ટિ ને જ્ઞાનમાં લેવો એ પરમાત્મપદ પ્રાપ્તિનો ઉપાય છે. આ 'યોગસાર' છે. જુઓ!

આવો છું, આકાશ સમાન. પછીની ગાથામાં એ કહેશે, આકાશ જડ છે અને આ ચૈતન્ય (છે), એટલો ફેર છે. પછીની ગાથમાં કહે છે. સમજાણું? ૫૯ માં કહે છે ને? અહીં તો આકાશની ઉપમા આપી ખરી ને?

**जेहउ सुद्ध अयासु जिय तेहउ अप्पा वुत्तु।**
**आयासु वि जडु जाणि जिय अप्पा चेयणु वंतु।।५९।।**

એ પછી આપશે, આની સાથે સંધિ કરે છે ને? સમજાણું? આકાશની સત્તા અલગ અને આકાશમાં રહેલ પદાર્થની સત્તા અલગ છે ને? કે એક છે? આ બાયડી, છોકરા ને રાગની સત્તા અને આત્માની સત્તા એક હશે કે જુદી? હેં? સૌ ભેગા રહ્યા હશે કે એક (થઈને રહ્યા હશે)? અહીં (જુદું) કહે છે, ન્યાં ઘરે જાય તો ખબર પડે એને. ઓલો કહે, બાપુજી! હું કંઈ તમારો ધર્મ છોડું નહિ, હોં! આહાહા..!

'**જ્ઞાનીએ સમજવું જોઈએ કે આત્મા આકાશ સમાન અમૂર્તિક છે, આત્માના સર્વ અસંખ્યાત પ્રદેશો અમૂર્તિક છે....**' એ કાંઈ નહિ. આધાર-ફાધારની વાત નહિ, એ તો જુદી રહેલી ચીજ છે. અહીં જુદી ચીજ ભલે તૈજસ અને કાર્માણ (શરીર) રહ્યા પણ એ જુદેજુદા છે. આધાર-ફાધાર આત્માની પર્યાયનો પણ એને નથી. સમજાણું કાંઈ? ભિન્નેભિન્ન છે. લ્યો!

કષાયની મંદતા, તીવ્રતા ભાવ એનાથી પણ આત્મા તદ્દન ભિન્ન છે. '**મારો કોઈ સંબંધ મન, વચન, કાયાની ક્રિયાઓ સાથે નથી.**' લ્યો! ઓલો કહે કે, મન-વચન ને કાયાની ક્રિયાથી આત્માને બંધ થાય અને ધર્મ થાય. હેં? આહા..! મન, વચન ને કાયાની ક્રિયાઓ સાથે મારે અને એને કાંઈ સંબંધ

નથી. સંબંધ નહિ એનાથી ધર્મ નહિ અને સંબંધ નથી એનાથી બંધ પણ નહિ. આહાહા..! **'હું બિલકુલ પરના મોહથી શૂન્ય છું. હું પરમ વીતરાગી અને નિર્મળ છું.'** એમ ઠીક લખ્યું છે. **'જગતમાં મારા આત્માને કોઈ માતા-પિતા છે, ન કોઈ પુત્ર છે, ન મિત્ર છે, ન કોઈ સ્ત્રી છે, ન બેન છે, ન પુત્રી છે, ન કોઈ મારા આત્માનો સ્વામી છે, ન હું કોઈનો સ્વામી છું. ન હું કોઈનો સેવક છું નથી મારું કોઈ સેવક, ન કોઈ મારું ગામ છે, ન ધામ છે,...'** ગામેય નથી અને ધામેય નથી. **'ન કોઈ વસ્ત્ર છે, ન આભૂષણ છે.'** લ્યો!

**'મારે પર વસ્તુ સાથે કોઈ પણ પ્રકારનો રંચમાત્ર પણ સંબંધ નથી.'** આહાહા..! જુઓ! આ ભેદજ્ઞાન છે, આ ભેદજ્ઞાન. છે તેવું જ્ઞાન, એમ. ભેદજ્ઞાન એટલે? જેવી ચીજો જુદી છે તેમ તેનું જ્ઞાન (થવું) તેનું નામ ભેદજ્ઞાન (છે). **'મારામાં બધા પરનો અભાવ છે, બધા પરમાં મારો અભાવ છે.'** મારામાં પરનો અભાવ અને પરમાં મારો અભાવ છે. **'વિશ્વના અનંત સંસારી અને સિદ્ધાત્માઓ...'** જગતના સંસારના અનંત જીવો કે સિદ્ધના **'પોતાના મૂળ સ્વભાવથી મારા આત્માના સ્વભાવ જેવા જ છે તો પણ મારી સત્તા જુદી જ છે...'** ભલે અનંત સિદ્ધો અને અનંત સંસારી મારી સત્તા જેવા છે, શુદ્ધ સત્તા જેવા (છે), છતાં મારી શુદ્ધ સત્તાથી એ નિરાળા છે. એક નથી કંઈ, શુદ્ધ સત્તા એક થઈ જતી નથી. આહાહા..! કહો, સમજાણું કાંઈ?

**'મારા જ્ઞાન, દર્શન, સુખ, વીર્ય, સમ્યક્ત્વ, ચારિત્ર, ચેતના આદિ ગુણ જુદા છે, મારું પરિણમન જુદું છે...'** એના ગુણો નિરાળા, એનું પરિણમન નિરાળું, મારા ગુણો નિરાળા, મારી પરિણતિ નિરાળી. **'સર્વ આત્માઓનું પરિણમન જુદું છે. હું અનાદિકાળથી એકલો જ રહ્યો છું અને અનંતકાળ સુધી એકલો જ રહેવાનો છું.'**

**'અનાદિ સંસાર-ભ્રમણમાં મારી સાથે અનંત પુદ્‌ગલોનો સંયોગ થયો પરંતુ તે બધા મારાથી દૂર રહ્યા છે.'** લ્યો! **'જેમ સૂર્ય ઉપર વાદળાં આવવા છતાં પણ સૂર્ય પોતાના તેજમાં પ્રકાશમાન રહે છે...'** સૂર્ય ઉપર વરસાદ વરસે તો સૂર્યને કાંઈ હશે? વાદળાં-બાદળાથી (કાંઈ થતું હશે)? **'સંસાર અવસ્થામાં મેં અનેક માતા, પિતા, ભાઈ, પુત્ર સાથે સંબંધ પ્રાપ્ત કર્યો પરંતુ તે બધા મારાથી જુદા જ રહ્યો...'** લેવા કે દેવા, કાંઈ હતું નહિ. **'ઘણા પર પદાર્થોનો સંગ પામ્યો પરંતુ તે મારા ન થયા,...'** એક રજકણ પણ પોતાનો થયો નહિ. બે ભાઈઓ તો 'ડાંગે માર્યા પાણી જુદાં ન પડે' એમ લોકો કહે છે. કેમ હશે? પાંચ ભાઈ જુદા પડી ગયા, તમારા છોકરાઓ પણ જુદાં પડી ગયા. જુદા તો જુદા જ હોય ને! જુદા હોય ઈ જુદા જ હોય. આહાહા..! 'હું તેમનો ન થયો.' લ્યો! **'देहादिउ जो परु मुणइ'** દેહાદિ પરને અનુભવ કર, પરરૂપ છે, એમ. તું તારું ચૈતન્યમૂર્તિ (છે) એમ અનુભવ કર. **'તેથી મારે એવી જ દઢ શ્રદ્ધા રાખવી જોઈએ કે હું સદાય રાગાદિ વિકારોથી શૂન્ય રહ્યો હતો, અત્યારે પણ છું અને ભવિષ્યમાં પણ રહીશ.'** લ્યો! પછી 'પરમાત્મ પ્રકાશ'નો દાખલો આપ્યો છે, 'તત્ત્વાનુશાસન'નો દાખલો આપ્યો છે. લ્યો, સમજાણું? બસ! બે થયું. ૫૯ મી કહેવાશે.

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

ટ્રસ્ટના 'સ્વાનુભૂતિપ્રકાશ'ના આ ગુજરાતી અંક (ડિસેમ્બર-૨૦૧૮)નું શુલ્ક
સ્વ. શ્રી શિવલાલજી માંગીલાલજી સિંઘવી, દબોક (ઉદયપુર),
હ. શ્રી સુમતિલાલ શિવલાલ શાહ, યુ.એસ.એ. તરફથી સાભાર પ્રાપ્ત થયું છે,
જેના કારણે આ અંક બધા પાઠકોને મોકલવામાં આવ્યો છે.



**પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ દ્વારા પરમાગમસાર ગ્રંથના બોલ-૩૦૭ ઉપર થયેલ ભાવવાહી પ્રવચન, તા. ૧૯-૭-૧૯૮૩, પ્રવચન નં. ૧૪૮ (વિષય : ભેદજ્ઞાન)**

**જ્ઞાન અને રાગ વચ્ચે ભેદજ્ઞાન થવાનું એ લક્ષણ છે કે જ્ઞાનમાં રાગ પ્રત્યે તીવ્ર અનાદર ભાવ જાગે છે. તે જ્ઞાન અને રાગ વચ્ચે ભેદજ્ઞાન થવાનું લક્ષણ છે. આત્મામાં રાગની ગંધ નથી. રાગના જેટલા વિકલ્પો ઊઠે છે તેમાં બળું છું તેમ દુઃખ દુઃખ ને દુઃખ છે-ઝેર છે તેમ પહેલાં જ્ઞાનમાં નિર્ણય કરે તો ભેદજ્ઞાન પ્રગટે છે. ૩૦૭.**

૩૦૭. ભેદજ્ઞાનનું લક્ષણ લીધું છે. '**જ્ઞાન અને રાગ વચ્ચે ભેદજ્ઞાન થવાનું એ લક્ષણ છે કે જ્ઞાનમાં રાગ પ્રત્યે તીવ્ર અનાદરભાવ જાગે છે. તે જ્ઞાન અને રાગ વચ્ચે ભેદજ્ઞાન થવાનું લક્ષણ છે.**' સામાન્ય રીતે ભેદજ્ઞાનના વિષયમાં એ પ્રકરણમાં જીવ વિચાર કરે છે કે જ્ઞાન જુદું છે અને રાગ જુદો છે. બેના સ્વરૂપનો વિચાર કરે. આકુળતા લક્ષણ રાગ છે, અનાકુળતા લક્ષણ જ્ઞાન છે. જાણવું લક્ષણ જ્ઞાન છે, નહિ જાણે એવો ભાવ તે રાગ છે. રાગમાં જ્ઞાન નથી. જાણવાનું કાર્ય નથી. એમ એના સ્વરૂપનો નિર્ણય કરવા માટે વિચાર કરે અને એવું જુદું જુદું સ્વરૂપ છે એમ વિચારથી એને ખ્યાલમાં આવે તો એ ભેદજ્ઞાન કર્યું એણે કે ન કર્યું? એ પ્રશ્નનો અહીંયાં ઉત્તર છે.

ભેદજ્ઞાન થયું એનું આ લક્ષણ છે. ભેદજ્ઞાન થયાનું અથવા થવાનું આ લક્ષણ છે કે '**રાગ પ્રત્યે તીવ્ર અનાદરભાવ જાગે...**' આમ તો બેય પરસ્પર અનર્પિત લક્ષણ પણ એની અંદર આવે છે. પણ અહીંયાં 'ગુરુદેવશ્રી'એ સમજાય એવી વાત લીધી છે. જ્ઞાનમય આત્મા પ્રત્યે પરમ આદરભાવ જાગે એ એનું અસ્તિ લક્ષણ છે અને રાગ પ્રત્યે તીવ્ર અનાદરભાવ જાગે એ એનું નાસ્તિ લક્ષણ છે. નાસ્તિનું લક્ષણ સ્થૂળ છે એટલે એ વાત બતાવી. નહિતર એમ કહે કે આત્મા પ્રત્યે તો અમને આદર છે જ. આત્મા મહાન પરમાત્મતત્ત્વ (છે) એવી વાત સાંભળ્યા પછી આત્મા પ્રત્યે અમને આદર ન થાય કે ન રાખીએ એ પ્રશ્ન નથી.

હવે અહીંયાં એમ કહે છે કે રાગમાં તને ઠીક લાગે છે. કોઈ એક પ્રકારના રાગ પરિણામમાં તને ઠીક લાગે છે તો તને રાગ પ્રત્યે તીવ્ર અનાદર છે એ વાત રહેતી નથી. અને તો પછી તને ભેદજ્ઞાન ચાલે છે એ વાત પણ રહેતી નથી એમ થયું. બહુ સ્પષ્ટ કર્યો છે વિષયને. નહિતર એવું એક રટણ છે. ભેદજ્ઞાન સંબંધીનું રટણ છે. રટણ એટલે વારંવાર વિચારવું. વારંવાર વિચાર આવવો કે જ્ઞાન જુદું છે અને હું જ્ઞાન જુદો, રાગ જુદો, જ્ઞાન જુદું, રાગ જુદો એવો વિચાર કોઈ ભેદજ્ઞાન છે? કે એવો વિચાર ભેદજ્ઞાન છે એમ છે નહિ. આ એનું લક્ષણ લીધું છે.

'**જ્ઞાનમાં...**' એમ લીધું છે. (ભેદજ્ઞાનનું એ) '**લક્ષણ છે કે જ્ઞાનમાં...**' ચાલતા જ્ઞાનમાં, ચાલતા

ચાલતા રાગ પ્રત્યે તીવ્ર અનાદર ભાવ જાગે અને એ વગર રાગમાંથી ખસવાની જે અંતરંગની પ્રક્રિયા છે એ કોઈ રીતે ચાલે નહિ. અથવા કેવી રીતે ચાલે? કે ચાલે જ નહિ. ભેદજ્ઞાનના કળશમાં એ જ લીધું છે ને? અંતર દારૂણ દારણેન. દારૂણપણે. એનું દારણ એટલે વેદાવું કરવું, એનો નાશ કરવો, એના પ્રત્યે દારૂણપણે. દારૂણ કહો કે તીવ્ર કહો. નિર્દયપણે. તીવ્રપણે એનું વિદારણ કરવું, તીવ્રપણે એનો અનાદર થવો જોઈએ. રાગની વિચારથી કિંમત ટાળી હોય તો કાંઈક આગળ ચાલે. પણ વિચારમાં પણ હજી રાગની કિંમત હોય, અભિપ્રાયમાં પણ રાગની કિંમત હોય કે નહિ, આ રાગ તો સારો છે. આટલો રાગ તો મારે ઈષ્ટ છે અને આ રાગ તો હું કરીશ. એમ રાગનું કર્તૃત્વ છે એ તો દૃઢ મિથ્યાત્વને સૂચવે છે. રાગ કરવાનો જે અભિપ્રાય છે એ તો મિથ્યાત્વની તીવ્રતાને સૂચવે છે. પણ વિચારની અંદર સવળું વિચાર્યા પછી પણ રાગ પ્રત્યે તીવ્ર અનાદર ભાવ ઉત્પન્ન થઈ આવે, જાગે એટલે ઉત્પન્ન થઈ આવે તોપણ ત્યાં ભેદજ્ઞાન ચાલુ થતું નથી. અને ભેદજ્ઞાન ચાલુ થતું નથી ત્યાં સુધી કોઈ મોક્ષમાર્ગ પ્રત્યે આગળ વધવાનું એક પણ ડગલું છે એ વાત રહેતી નથી. ભેદજ્ઞાન તો એની માસ્ટર કી છે. પહેલેથી છેલ્લે સુધી.

ક્યાં સુધી ભેદજ્ઞાન થવું જોઈએ? કે જ્યાં સુધી જ્ઞાન જ્ઞાનમાં સ્થિર થાય નહિ ત્યાં સુધી. 'અમૃતચંદ્રાચાર્ય'નો કળશ છે. ભેદજ્ઞાન ક્યાં સુધી ભાવવું? **'यावत् ज्ञानं ज्ञाने प्रतिष्ठते'** જ્યાં સુધી જ્ઞાન જ્ઞાનમાં સારી રીતે સ્થિર ન થાય ત્યાં સુધી ભેદજ્ઞાનનો અભ્યાસ પ્રત્યેક સાધક, પ્રત્યેક મોક્ષમાર્ગી જીવ અંતરંગમાં આ કાર્ય કરે છે. બહારના કાર્યોની, ઉદયભાવોની વિવિધતા ગમે તે હો અને એ દરેકને જુદી જુદી હોઈ શકે છે, સર્વ સાધકોને જુદી જુદી હોય શકે છે. પણ ભેદજ્ઞાનની પ્રક્રિયા અથવા ઉપાયમાં કોઈ ફેરફાર હોતો નથી. એ એક જ પ્રકારે છે.

મુમુક્ષુ :- શાસ્ત્ર સ્વાધ્યાયની રુચિ થાય એ મિથ્યાત્વમાં જાય?

પૂજ્ય ભાઈશ્રી :- રાગ તીવ્ર થાય... આટલું જ જોવાનું છે. રાગને સમજવાનો છે. રુચિમાં આત્માની રુચિને વશ શાસ્ત્ર વાંચવાની પણ ઈચ્છા થાય, ભગવાનના દર્શન કરવાની ઈચ્છા થાય, જ્ઞાનીનો સત્સમાગમ કરવાની ઈચ્છા થાય એ અનેક પ્રકારે રાગ આવે. પણ રાગનો આદર કેટલો છે? આ તપાસવું જોઈએ. એ રાગને પણ એણે ઠીક માન્યો છે ત્યાં સુધી એને રાગ પ્રત્યે અનાદર નથી અને જ્ઞાન પ્રત્યે એને આદર નથી. આમ છે.

મુમુક્ષુ :- શરૂઆતમાં તો રાગ હોવો જોઈએ ને?

પૂજ્ય ભાઈશ્રી :- અનાદિથી રાગ છે. ક્યાં સુધી શરૂઆત રાખવી છે એ સવાલ છે. કેટલા વર્ષ સુધી શરૂઆત ગણવી ભાઈ કહો આપણે. એક ધોરણ બાંધો. કેટલા વર્ષ સુધી શરૂઆત ગણવી? ક્યાં સુધી શરૂઆત ગણવી? બાળક હોય ત્યાં સુધી શરૂઆત ગણવી? આ જ પ્રવૃત્તિમાં યુવાન થાય ત્યાં સુધી શરૂઆત ગણવી? કે આ જ પ્રવૃત્તિ કરતાં કરતાં ધોળા આવ્યા હોય ત્યારે પણ શરૂઆત જ ગણવી?

મુમુક્ષુ :- રાગ થઈ જાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- થઈ જાય છે પણ એ કરવા જેવો છે એમ અભિપ્રાયથી થઈ જાય છે? બસ, આટલું વિચારવા જેવું છે.

મુમુક્ષુ :- તો પહેલા શું કરવું?

પૂજ્ય ભાઈશ્રી :- બસ! પહેલા જ આ કરવું. પોતાના જ્ઞાનમય સ્વરૂપને ઓળખવાનો, જ્ઞાનમય સ્વરૂપનો નિર્ણય કરવાનો, નિર્ણયની દિશાનો પ્રયત્ન કરવો. આત્માને ઓળખવાનો નિર્ણયની દિશાનો, ઓળખવાની દિશાનો પહેલા પ્રયત્ન કરવો. જીવ ઓળખીને એકાગ્ર થઈ શકે છે. ઓળખ્યા વિના એકાગ્ર થવાનો પ્રશ્ન રહેતો નથી.

મુમુક્ષુ :- રાગ અને ભાવમાં ફેર શું?

પૂજ્ય ભાઈશ્રી :- ભાવમાં તો જ્ઞાન પરિણામને ભાવ કહેવાય, રુચિના પરિણામને પણ ભાવ કહેવાય, પુરુષાર્થના પરિણામને પણ ભાવ કહેવાય. ભાવ તો અનેક ગુણના પરિણામને, પરિણામમાત્રને ભાવ કહેવાય. જીવના જેટલા ગુણોના પરિણામ છે એ બધાને ભાવ કહેવાય. પણ રાગભાવ છે તે ચારિત્રગુણના પરિણામની ઊંધી દશા છે. મિથ્યાત્વ છે તે શ્રદ્ધાગુણના પરિણામનો

ઊંધો ભાવ છે. શ્રદ્ધાગુણની ઊંધી દશાનો ભાવ છે. એમ છે. સર્વથી અનિષ્ટ. શ્રદ્ધાનો ઊંધો ભાવ છે એ સર્વથી અનિષ્ટ છે. એ શ્રદ્ધાનો ઊંધો ભાવ રાગને ઇષ્ટ માનીને પ્રવર્તી રહ્યો છે. બહુ બીજું ઝીણું ન સમજાય તો આ વાત તો એને સમજાય એવી છે કે કોઈપણ રાગને, કોઈપણ અપેક્ષાથી અપેક્ષા લગાડીને (સારો મનાય છે)? શાસ્ત્રમાંથી ઊંધુ પકડે ત્યારે અપેક્ષા લગાવવા માંડે કે આ અપેક્ષાએ તો રાગ કરવા જેવો ખરો કે નહિ? શરૂઆતની અપેક્ષાએ તો કરવા જેવો ખરો કે નહિ? લ્યો ઠીક! શરૂઆતની અપેક્ષા લગાડીને.

કહે છે કે પણ અહીંયાં ફેરવી ફેરવીને એમ કહે છે કે ભાઈ! તું વીતરાગ સ્વરૂપે છો અને વીતરાગ સ્વરૂપે છો તેવી તારી દશા થાય, એવો તારો વીતરાગભાવ પ્રગટે એ જ તારા સ્વરૂપ સાથે અનુકૂળ બેસે છે. રાગ તો તારો વેરી છે. એને તું કેમ કોઈ અપેક્ષા લગાડીને સાથે રાખવા માગે છો? જ્યાં સુધી તું એને સાથે રાખવા માગે છો ત્યાં સુધી ખરેખર તું વીતરાગભાવને ચાહતો નથી. એટલે કે તારા સ્વરૂપની તને રુચિ નથી.

અહીંયાં તો અંતર અભ્યાસ ચાલે છે. રાગ અને જ્ઞાનને જુદા કરવાનો અંતર અભ્યાસ ચાલે છે. તેને ભૂલો ન પડે એટલે લક્ષણ બતાવે છે કે જ્ઞાનમાં-તારા જ્ઞાનમાં રાગ પ્રત્યે તીવ્ર અનાદરપણું છે? રાગ થાય અને તને ખસવાનો ત્યાંથી ભાવ આવે છે? શાસ્ત્રનો રાગ તો ઠીક પણ આત્માનો વિકલ્પ ઉઠ્યો ત્યાંથી પણ તને ખસવાનો પ્રયત્ન, ખસવાનો અભ્યાસ, ખસવાનો પ્રયાસ ચાલે છે? એને તીવ્ર અનાદર કહેવામાં આવે છે. તીવ્ર અનાદર એટલે રાગને ગમે તેમ કહેવા મંડે એમ નહિ. પણ રાગથી ખસવાનો ભાવ તે એના પ્રત્યેનો અનાદર છે. અને જ્ઞાન પ્રત્યે, જ્ઞાનમાં રહેવાનો ભાવ છે એ જ્ઞાનનો આદર છે-એ આત્માનો આદર છે. એને ભેદજ્ઞાન કહીએ એમ કહે છે. આવા લક્ષણવાળા પરિણામને ભેદજ્ઞાન કહીએ. બાકીનાને ભેદજ્ઞાન કહેવાય નહિ.

'**આત્મામાં રાગની ગંધ નથી.**' આત્માના મૂળ સ્વરૂપમાં-આત્માના મૂળ સ્વભાવમાં રાગ તો નથી પણ રાગની ગંધ પણ નથી. અહીંયાં રાગના એકત્વ પરિણમનમાં બધું રાગમય ભાસે છે એને. કેમકે પ્રત્યેક ક્ષણે રાગ થાય. પ્રત્યેક ક્ષણે રાગ થાય અને રાગમાં એવો તન્મય અને એકાકાર થઈને પરિણમી રહ્યો છે કે એને રાગની તન્મયતામાં બસ, સર્વત્ર એને રાગ, રાગ ને રાગ જ એકલો ભાસે છે. હુંપણે થઈ ગયો ને એટલે. એને સીધું એમ કહે છે કે જો ભાઈ! તારા મૂળ સ્વરૂપમાં તો રાગની ગંધ પણ નથી. રાગ તો નથી પણ રાગની ગંધ પણ નથી. આવું તારું રાગથી સ્વરૂપ ઘણું દૂર છે. તારું મૂળ સ્વરૂપ એટલે તું પોતે રાગથી ઘણો દૂર છો. આટલો બધો તું રાગથી દૂર છો અને રાગમાં તન્મય અને એકત્વ? આ તે કઈ સ્થિતિ છે?

'**આત્મામાં રાગની ગંધ નથી. રાગના જેટલા વિકલ્પો ઊઠે છે તેમાં બળું છું. તેમાં દુઃખ, દુઃખ ને દુઃખ છે-ઝેર છે તેમ પહેલા જ્ઞાનમાં નિર્ણય કરે તો ભેદજ્ઞાન પ્રગટે.**' આમ છે. એ જેટલી વાત કરી છે એટલું અંતર શોધથી તપાસવું જોઈએ. '**રાગના જેટલા વિકલ્પો ઊઠે છે...**' એમ. સર્વ વિકલ્પોમાં.

મુમુક્ષુ :- બળું છું.

પૂજ્ય ભાઈશ્રી :- ના, બળું છું એટલે બળતરા થાય છે.

મુમુક્ષુ :- ..

પૂજ્ય ભાઈશ્રી :- એમ પ્રાસ બેસે છે. પણ મૂળ તો આમ જ છે. '**રાગના જેટલા વિકલ્પો ઊઠે છે તેમાં બળું છું...**' બળું છું તેવું. એટલે બળું છું તેવું દુઃખ છે. એમ. બળતરા થાય. જેમ કોઈ અગ્નિથી દાઝે, બળે અને દુઃખ થાય એમ દુઃખ થાય છે. તેમ એટલે તેવું લેવું છે. બળું છું એ પ્રાસ બેસે છે. પણ આપણે તો રૂબરૂ પણ સાંભળ્યા છે. શૈલી એમની પોતાની શું છે એટલે ખ્યાલમાં છે ને. રાગમાં બળું છું.

'રાગ આગ દાહ દહે સદા તાતે સમામૃત સેઈએ.' 'છ ઢાળા' કરીને એક ગ્રંથ છે. 'પંડિત દૌલતરામજી' થઈ ગયા. બહુ સારો ગ્રંથ છે. સાદી ભાષામાં વિષયનો વિસ્તાર પણ સંક્ષેપમાં છતાં પણ બહુ સારી રીતે યથાર્થપણે ચાર ગતિના દુઃખો, બીજું, ત્રીજું. 'છ ઢાળા'માં ઘણી વાતો લીધી છે એમણે. એમાં આ એક

પદ છે. 'રાગ આગ દાહ દહે સદા તાતે સમામૃત સેઈએ.' રાગ છે એ આગ જેવો છે. એ એનું ખાસ ઉપમાવાચક લક્ષણ છે. ખાસ ઉપમાવાચક લક્ષણ છે એની પાછળ અનુભવ રહેલો છે. રાગનું દુઃખ આગ જેવું છે. આગ જેમ બાળે છે એમ (રાગમાં બળે છે).

જેમ કોઈને અગ્નિમાં બળવાનું થાય એટલે લા લાગે એમાં એ પોતે સળગે અગ્નિની ઝપટમાં આવીને. ત્યારે એ સળગ્યો છું એવો એને ખ્યાલ ન જાય અને કોઈ એવો આભાસ થાય ખોટો કે અરે..! મારામાં તો જ્યોતિ પ્રગટી. પ્રકાશ થઈ ગયો મારામાં તો. કેમકે અગ્નિ આવે છે ત્યારે સાથે સાથે એનો પ્રકાશ આવે છે. એ બળવાને બદલે જો ત્યાં એને એક ભ્રમણા-આભાસ થાય કે અરે..! મારામાં તો જ્યોતિ પ્રગટી. કે ઘડીકમાં ભડથું થઈ જઈશ. કેમકે ઓલવવાનો એ પ્રયત્ન નહિ કરે. એક જુદી ભ્રમણામાં (રહે છે). ઘડીકમાં આગ તને ઘેરી વળશે. પછી બચવાની જગ્યા રહેશે નહિ. એમ અજ્ઞાની રાગ થતાં એને સારો માને છે એની ઉપમા લીધી છે. ભ્રમણાથી એને સારો માને છે. એટલે એના આત્માની શાંતિનો નાશ થાય છે, આત્માના ગુણનો એમાં નાશ થાય છે.

એ અહીંયાં બળવાની ખાસ વાત એ રીતે બેસે છે. જે '**વિકલ્પો ઊઠે છે તેમાં બળું છું...**' બળું-બળું થાય તો ત્યાંથી છૂટે. એવું બળતરાનું દુઃખ થાય તો ત્યાંથી છૂટે. એમાં '**દુઃખ, દુઃખ ને દુઃખ છે...**' એકાંતે દુઃખ છે, સર્વથા દુઃખ છે એમ કહેવું છે. ત્રણ વખત લીધું ને. સર્વથા દુઃખ છે. આત્માના આનંદ અમૃતથી વિરુદ્ધ એવું ઝેર છે. '**તેમ પહેલા જ્ઞાનમાં નિર્ણય કરે...**' જ્ઞાનમાં નિર્ણય કરે. વિચારમાં પણ અહીં લીધું કે જ્ઞાનમાં નિર્ણય કરે, જ્ઞાનને પકડીને નિર્ણય કરે, જ્ઞાનને આધારે જ્ઞાનમાં નિર્ણય કરે. નિર્ણય-સ્વરૂપનો નિર્ણય-જ્ઞાનસ્વરૂપનો નિર્ણય જ્ઞાનમાં જ્ઞાનને આધારે થવો જોઈએ.

જોકે નિર્ણય બધા જ્ઞાનમાં થાય છે. ઊંધા કે સવળા સર્વ નિર્ણયો. નિર્ણય કરવાનું કાર્ય જ્ઞાનનં છે. એમ અહીંયાં પણ જ્ઞાનમાં નિર્ણય કરવો જોઈએ. અને એ જ્ઞાનમાં નિર્ણય થવો એટલે શું? કે રાગની પ્રધાનતા તૂટીને, રાગની પ્રધાનતામાં, જ્ઞાનની પ્રધાનતામાં, રાગની પ્રધાનતા તૂટીને જ્ઞાનની પ્રધાનતામાં જ્ઞાન પોતાના જ સ્વરૂપનો નિર્ણય કરે. આટલી વાત છે. '**તો ભેદજ્ઞાન પ્રગટે છે.**' એનો અર્થ સ્પષ્ટ એ થયો કે જે જીવ પહેલાં સ્વરૂપનો નિર્ણય કરે છે એને ભેદજ્ઞાન પ્રગટે છે. ભેદજ્ઞાન પ્રગટવાની દશા, ભેદજ્ઞાન ચાલુ થવાની દશા એમાં આ શરત નાખી દીધી. જો અને તો કરીને. જો અધ્યાહાર છે. પણ જ્યાં તો હોય ત્યાં જો હોય છે. બરાબર છે? એટલે આ શરત નાખી.

કોને ભેદજ્ઞાન પ્રગટે? ભેદજ્ઞાન તો સહજ ચાલવું જોઈએ. જો '**પહેલા જ્ઞાનમાં નિર્ણય કરે તો...**' બેય પડખાનો બરાબર નિર્ણય થઈ જવો જોશે. જ્ઞાનમાં રાગ દુઃખરૂપ અને બળતરારૂપ એને લાગવો જોઈએ અને જ્ઞાનમાં પરિપૂર્ણ જ્ઞાયક હું છું એમ પોતાના સ્વરૂપનો પણ નિર્ણય થવો જોઈએ. બેય નિર્ણય થઈ જવા જોઈએ બેય પડખાના. એવો જો નિર્ણય યથાર્થ થાય તો એને ભેદજ્ઞાન પ્રગટે, નહિતર ભેદજ્ઞાન પ્રગટે નહિ. આમ છે.

કોઈ એમ કહે કે આપણે ભેદજ્ઞાનથી શરૂ કરી દઈએ. પણ નિર્ણય વિના ભેદજ્ઞાન ચાલશે નહિ. આ વાત એના ખાસ એના ભેદજ્ઞાનના, સહજ ભેદજ્ઞાનના તબક્કાની છે. હા એટલી વાત જરૂર છે કે પહેલા વિચારથી કૃત્રિમપણે પણ ભેદજ્ઞાન કરવાનો એણે નિર્ણયની દિશામાં આગળ વધવા માટે પ્રયત્ન કરવો જોઈએ. અને એ પ્રકારનો પ્રયત્ન ચાલવો એ એની ભાવનાને આધારિત છે. જો એની સ્વકાર્ય-નિજ કાર્ય કરવાની તીવ્ર ભાવના હોય તો એનો બુદ્ધિપૂર્વકનો પણ ભેદજ્ઞાન કરવાનો પ્રયત્ન ચાલુ થાય, નહિતર એ પ્રયત્ન પણ એનો ચાલુ થઈ શકે નહિ. પછી શું કરે? કે વાંચન વિચાર જે કાંઈ થાય એમાં એને એમ લાગે કે, ઠીક ચાલો આટલું તો કરીએ છીએ. કલાક સવારમાં સ્વાધ્યાય તો કરી લઈએ છીએ. અથવા ત્યાર પછી પણ થોડું આટલું વાંચીએ છીએ, વિચારીએ છીએ તો ખરું. એ પ્રશ્ન નથી. પ્રશ્ન એ છે કે ભેદજ્ઞાન તું કરે છે કે નહિ? આ પ્રશ્ન છે. વાંચન-વિચાર કેટલો કરે છે એ અમે તને પૂછતા નથી અને એની અમારે નોંધ પણ રાખવી નથી. નોંધ લેવા જેવી વાત આટલી જ

છે કે જીવ ભેદજ્ઞાન કરે છે કે નહિ? જો એ ભેદજ્ઞાન કરે તો નિર્ણયની દિશામાં પણ એ આગળ વધી શકે અને નિર્ણય થાય તો સહજ ભેદજ્ઞાન થઈને અનુભવની દિશામાં એ આગળ વધી શકે. બે તબક્કે જે કાર્ય છે એ બંને તબક્કામાં ભેદજ્ઞાન તો મુખ્ય વાત છે. એ એક જ ખરેખર સાધન છે એમ કહેવું જોઈએ.

આખા 'સમયસાર'માં સળંગપણે આ દૃષ્ટિકોણથી જોતાં ભેદજ્ઞાનની વાત વારંવાર લીધી છે અથવા સર્વત્ર ભેદજ્ઞાનનો વિષય શૈલી ફેરવી ફેરવીને પણ સર્વત્ર ભેદજ્ઞાનનો વિષય જ કહ્યો છે. એમ જોઈ શકાય છે.

મુમુક્ષુ :- નિર્ણય પહેલાના ભેદજ્ઞાનમાં અને નિર્ણય પછી ભેદજ્ઞાનમાં તફાવત છે?

પૂજ્ય ભાઈશ્રી :- નિર્ણય પછીના ભેદજ્ઞાનમાં ભેદજ્ઞાન જાગી જાય છે એટલે સહજ ચાલે છે. અને નિર્ણય પહેલા એને ર્તૃત્વ સહિત છે એટલે જે પરિણામ સહિત છે એ પરિણામમાં એણે આ સ્થિતિ ઊભી કરવી છે. જેમ બીજા કાર્યો કર્તૃત્વ સહિત કરે છે, રાગ પણ કર્તૃત્વથી કરે છે તો એણે ભેદજ્ઞાન કરવાનો વિચાર કરવો અને કૃત્રિમ રીતે પણ ભેદજ્ઞાન કરવાનું શરૂ કરવું, અવલોકન કરવાનું શરૂ કરવું.

જેમ કે કોઈ એક કાર્યમાં હરખ થયો. તો તે કાર્ય આત્મામાં થયું કે આત્માની બહાર થયું? આત્માની બહાર થયું. આત્માની બહાર થયું તો એમાં આત્માને હરખ થવાનું શું કારણ છે? આત્મામાં શું આવ્યું એ કાર્યથી? એના જ્ઞાનને એણે તપાસવું જોઈએ. અને જે હરખ થવાનો રાગ છે એને તપાસવો જોઈએ કે આ બે એક કેમ થાય છે? રાગનો જે વિષય છે એ જ્ઞાનમાં આવતો નહિ હોવા છતાં, જ્ઞાનમાં પ્રવેશતો નહિ હોવા છતાં જ્ઞાનને હરખ-શોક થવાનું કારણ શું છે? ખરેખર તો થવું જોઈએ નહિ. એમ એને જ્ઞાનને અને રાગને અવલોકનની પદ્ધતિથી જુદા જુદા જાણવાનો, જુદા પાડવાનો, જાણવાનો એટલે પાડવાનો એક પ્રયત્ન ચાલુ કરવો જોઈએ. એ પ્રયત્નમાં શું કાર્ય નિષ્પન્ન થાય છે-ઉત્પન્ન થાય છે? કે એ પ્રયત્નમાં રાગરસ તૂટે છે.

જીવને શુભ કે અશુભ જે તીવ્ર રાગરસ છે એ એટલો ગાઢ છે કે એમાં એને પોતાના જ જ્ઞાનમાં, પોતાનું જ જ્ઞાનસ્વરૂપ, જ્ઞાનને પોતાનું જ સ્વરૂપ અવભાસતું નથી. એટલે નિર્ણય થતો નથી કે જ્ઞાનમય એટલે હું કેવો? એનો એને નિર્ણય થતો નથી. નિર્ણય નથી થતો એનું કારણ કે જ્ઞાન મેલું છે. શેનાથી મેલું છે? કે પરરસથી. આત્મરસથી પણ શુભ-અશુભ અનાત્મરસથી મલિન છે. રાગથી રંજિત, રાગથી રંગાયેલું એવું જ્ઞાન પોતાના સ્વરૂપને ઓળખી શકતું નથી. એ ઓળખવા માટે એણે રાગરસ તોડવો જોઈએ અને એ રાગરસ તોડવાનું સાધન ભેદજ્ઞાન કરવું તે છે. બીજું કોઈ સાધન છે નહિ.

મુમુક્ષુ :- ફરીથી.

પૂજ્ય ભાઈશ્રી :- જેમ કે આટલો આટલો આત્માનો વિચાર કરવામાં આવે છે. અથવા તો અનુભવી મહાત્માઓએ શાસ્ત્રો દ્વારા આત્મા બતાવ્યો. અનુભવી સત્પુરુષોએ પ્રગટ પ્રત્યક્ષ યોગે, પ્રત્યક્ષ સમાગમે વાણી દ્વારા આત્મા બતાવ્યો. અને બુદ્ધિવાન એવો જીવ, બુદ્ધિવાળો પોતે તો સંજ્ઞી પંચેન્દ્રિય બુદ્ધિથી કાર્ય બધા કરે છે ને? એની બુદ્ધિ હોવા છતાં, એને જ્ઞાન હોવા છતાં, વિચાર શક્તિ હોવા છતાં એના જ્ઞાનમાં એનું સ્વરૂપ જેવું કહે છે એવું જ કેમ એને ભાસતું નથી?

એમ કહ્યું કે તું આત્મા જ્ઞાનાનંદ પરિપૂર્ણ જ્ઞાન અને પરિપૂર્ણ આનંદની મૂર્તિ છો. એ વાત તું સંમત તો કરે છો બુદ્ધિથી કે આપ અમારું સ્વરૂપ બતાવો છો અને વાત આપની સાચી છે, સત્ય કહો છો આપ. પણ એવું ભાસવું, એવું નિશ્ચયમાં આવવું, પોતાને વિષે પોતાને લાગવું એવું નહિ થવાનું કારણ શું?

જે જ્ઞાનમાં એમ લાગવું જોઈએ, ભાસવું જોઈએ એ જ્ઞાન વિરુદ્ધ ભાવથી, વિરુદ્ધ રસથી રંગાઈ ગયેલું છે. એ જો એ પોતે પોતાને તપાસે તો એને એ સમજાય એવો વિષય છે. પોતાને તપાસે તો એ વાત એને પોતાને સમજાય એવી છે. એ વિરુદ્ધ રસને તોડવાનું સાધન શું? કે જ્ઞાન અને રાગની જુદાઈ કરવી, રાગ અને જ્ઞાનને જુદા પાડવાનો પ્રયોગ કરવો. પ્રયોગ કરવો એટલે ચાલતા અનુભવમાં બેને જુદા જુદા અવલોકવા. ત્યારે એને રાગનો રસ મંદ પડે છે. રાગનો રસ મંદ પડે તો જ્ઞાનની ભૂમિકા

પોતાનું સ્વરૂપ અવભાસવા ચોખ્ખી થાય. જો એની જ્ઞાન ભૂમિ ચોખ્ખી થઈ તો એમાં હું આત્મા આવો, બોધસ્વરૂપ એવો આત્મા એનો બોધ થાય. એટલે પરિણમે એ. નહિતર તે રૂપે પરિણમે એવું બનતું નથી.

એટલે તો અહીં શરત નાખી કે જ્ઞાનમાં '**બળું છું તેમ દુઃખ, દુઃખ ને દુઃખ છે–**' જ્યાં સુધી એને વિકલ્પમાં બળું છું એમ જ્ઞાનમાં ન લાગે, દુઃખ ન થાય અને જ્ઞાનમાં એ નિર્ણય ન થાય ત્યાં સુધી એને સહજ ભેદજ્ઞાન પ્રગટે નહિ. સહજ ભેદજ્ઞાન પ્રગટાવવા માટે નિર્ણય કરવો જોઈએ. આ શરત નાખી. અને નિર્ણય કરવા માટે ભેદજ્ઞાનથી જ એણે નિર્ણય કરવો જોઈએ. નિર્ણયમાં પણ આત્મા જુદો અને રાગ જુદો એમ બે તત્ત્વનો નિર્ણય કરવો છે ને? સ્વ–પર તત્ત્વનો નિર્ણય કરવો છે. સ્વનો પણ નિર્ણય કરવો છે અને પરનો પણ નિર્ણય કરવો છે. સ્વનો નિર્ણય કરીને સ્વ તે હું એમ શ્રદ્ધવું છે. અને સ્વ તે હું એમ શ્રદ્ધાતા પર તે હું એવું જે શ્રદ્ધાન છે એનો નાશ થાય છે. આમ છે.

રાગથી ખસવાનો બીજો કોઈ ઉપાય નથી. નહિતર રાગની લાળ લંબાયા જ કરે. જ્ઞાન જ એક એવું સાધન છે કે જેમાં રાગ નથી. અને જ્ઞાન જ એક એવું સાધન છે કે જેમાં પોતાનું પોતાના સ્વભાવનું ખુલ્લું અસ્તિત્વ નજરે ચડે છે. એ અસ્તિત્વ જ્યાં સુધી એને પકડાય નહિ ત્યાં સુધી એને નિર્ણય થાય નહિ. એટલે તો 'શ્રીમદ્જી'એ અસ્તિત્વથી એ વાત લીધી કે અનાદિથી જીવને અસ્તિત્વ ભાસયું નથી. અનાદિથી અસ્તિત્વ ભાસ્યું નથી. અસ્તિત્વ ભાસવું તે સમ્યક્ત્વનું અંગ છે. આમ વાત સીધી લીધી છે. જ્ઞાનમાં જ્ઞાનને પોતાનું જ્ઞાનમય અસ્તિત્વ ભાસવું એ સમ્યક્ત્વનું અંગ છે એમ સીધું લીધું છે. એટલે ત્યારે એને ભેદજ્ઞાન પ્રગટ થવાનું એ નિર્ણય કારણ બને છે. ભાસવું તે કારણ બને છે. એ ૩૦૭ થયો.

એક બોલમાં કેટલી વાત લઈ દીધી! નિર્ણયની વાત લીધી, ભેદજ્ઞાન પ્રગટાવવાની વાત લીધી, પ્રગટે તો એને આ લક્ષણ છે એ પણ એને ભેદજ્ઞાન પ્રગટ્યું છે કે નહિ એની એને ખાત્રી કરી લેવી જોઈએ. નહિતર રાગ અને જ્ઞાનની બેની ભિન્નતાનો વિચાર કરે અને વિચાર કરે ત્યારે એને એમ લાગે કે હું તો ભેદજ્ઞાન કરું છું. અને પાછો રાગમાં એકાકાર થઈને એવો રાગનો રસ લઈને પરિણમે. એની પ્રકૃતિમાં જ એ રાગ થતો હોય. એ રીતે અહીંયાં વાત છે નહિ.

મુમુક્ષુ :- રાગની ઉત્પત્તિ થાય છે એમાં...

પૂજ્ય ભાઈશ્રી :- એટલે પ્રશ્ન શું છે?

મુમુક્ષુ :- રાગની ઉત્પત્તિ જ કેમ થયા કરે છે?

પૂજ્ય ભાઈશ્રી :- એમ પ્રશ્ન છે કે વારંવાર રાગ થવાનું કારણ શું બને છે? આટલો પ્રશ્ન છે ને?

મુમુક્ષુ :- પરપદાર્થ પ્રત્યે લક્ષ જાય છે એટલે રાગ તો ઉત્પન્ન થયા જ કરે છે.

પૂજ્ય ભાઈશ્રી :- પણ ઉપાદાન કારણમાં એવું શું પડ્યું છે કે રાગ જ થયા કરે છે? એમ છે ને પ્રશ્ન? સ્વરૂપનું અજ્ઞાન તે રાગનું ઉત્પાદક છે. અહીંયાં વચમાં એક ટૂકડો લઈ લીધો ને. એમાં પણ હેતુ છે. એ તો કુદરતી જે જ્ઞાનીની વાણી આવે છે એ ઘણી ગંભીર આશય લઈને આવે છે. '**આત્મામાં રાગની ગંધ નથી.**' વચમાં એક ટૂકડો નાખી દીધો છે. બધી પર્યાયની વાત કરતાં કરતાં એક દ્રવ્યની વાત કરી નાખી છે. એમાં પણ હેતુ છે. '**આત્મામાં રાગની ગંધ નથી.**' એવું જે રાગની ગંધ વિનાનું, રાગના અભાવસ્વભાવે રહેલું આત્મદ્રવ્ય એનું અજ્ઞાન રાગનું ઉત્પાદક છે. બીજું કોઈ રાગ થવાનું કારણ નથી. આમ છે લ્યો! સ્વરૂપનું અજ્ઞાન જ રાગને ઊપજાવે છે. 'સમયસાર'માં આ સિદ્ધાંત છે એક જગ્યાએ કે સ્વરૂપનું અજ્ઞાન છે એ જ રાગને ઉત્પન્ન કરે છે. બીજું કોઈ કારણ છે નહિ.

સ્વરૂપનું જ્ઞાન થતાં એકવાર તો રાગની ઉત્પત્તિ બંધ થાય છે. જ્યારે પહેલી જ વાર શુદ્ધોપયોગમાં રાગની ઉત્પત્તિ બંધ થાય છે અસંખ્ય સમય માટે ત્યારે એ રાગને કેન્સર લાગુ પડે છે. પહેલા ઘાએ. પછી જે રાગ રહ્યો છે એ નિર્બળ રહ્યો છે. જેના મૂળ બળી ગયા છે એવો રહ્યો છે. એ ઘસાતો ઘસાતો, જર્જરિત થતો, ઝળતો, બળતો, તૂટતો નાશ પામે છે. પછી એ સદાયને

માટે રહી શકતો નથી.

રાગ થાય છે એનું દુઃખ થાય તો એનો રસ તો ન ઉપડે. જેમાં જેને દુઃખ લાગે એનો એને રસ કેમ આવે? આ પ્રક્રિયા પહેલેથી શરૂ થઈ જવી જોઈએ. લીધું ને? બળું છું, સળગું છું એવું દુઃખ છે. તો એ પ્રક્રિયા જો શરૂ થાય તો જે રાગનો રસ ચડીને જે રાગની ક્રિયામાં પરિણમતો હતો એ પ્રકારમાં ફેર પડે. આ મૂળનો પાયાનો વિષય છે. અહીંથી પાયાનું મંડાણ ન થાય તો કોઈ રીતે એમાં સાધકપણાની ઉપરનું બાંધકામ કે ચણતર થાય, સાધકદશાનું ચણતર ઉપર થાય એ કોઈ રીતે બને નહિ. આમ છે.

મુમુક્ષુ :- વિકલ્પમેં દુઃખ લગના ચાહિયે 'સોગાનીજી'એ.

પૂજ્ય ભાઈશ્રી :- પ્રથમ તો એમ કરીને લીધું છે. પ્રથમ તો વિકલ્પ મેં દુઃખ લગના ચાહિયે. એમ લીધું છે. પ્રથમ તો એટલે પહેલાં અહીંથી શરૂઆત થશે. આ શરૂઆત છે. રાગ કરી કરીને શરૂઆત કરવી છે એમ નહિ. ભાઈ! રાગ કરીને શરૂઆત કરવી છે એમ નહિ. શરૂઆત તો રાગના દુઃખથી થાય છે આ લાઈનની. પહેલા તો અમારે રાગ કરવો પડે ને? અમે શરૂઆત તો રાગથી કરીએ ને? એમ નહિ. શરૂઆત રાગના દુઃખથી થવી જોઈએ. આમ લાઈન છે. આખો ફેરફાર છે, ઊંધી લાઈન છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- જ્યાં સુધી જ્ઞાનની અને રાગની મિંઢવણી અંદરમાં શરૂ ન થાય, ચાલતા પરિણમનમાં, એને જ પ્રયોગ કહે છે–ચાલતા પરિણમનમાં એની મિંઢવણી ન થાય ત્યાં સુધી એને રાગનું અંદરમાં રહેલું દુઃખ તત્ત્વ છે એ ભાસતું નથી. અને દુઃખ ન ભાસે ત્યાં સુધી સહજ ખસવું (બનતું નથી). અજાણે પણ અગ્નિના સળગતા કોલસા ઉપર હાથ–પગ પડી જાય જોઈ. એક સેકન્ડમાં ઝાટકો મારીને ઉપાડે, ખેંચીને લે અજાણ્યે પડી ગયો હોય તો. કેમકે બળે છે. એમ અહીંયાં બળે છે એવું દુઃખ લાગે. જુઓ! બહુ સરસ ઉપમા લીધી છે. એકદમ અનુભવ વિષયક વાત છે. બળે છે એમ દુઃખ લાગે તો એને હટવાનો પ્રયત્ન થયા વિના રહે નહિ. આમ છે.

એમ પહેલાં જ્ઞાનમાં ભાસવું જોઈએ. ભાસવું એ નિર્ણય કર્યો અને નિર્ણય કર્યો એ ભાસવું થયું. એમ છે. આ પહેલાંનો શરૂઆતનો વિષય છે.

## અનુભવ સંજીવની

### પૂજ્ય ભાઈશ્રીના અગાધ મંથનમાંથી વહેલી યથાર્થતા સંબંધિત ચિંતન કણિકાઓ

પ્રત્યેક કાર્ય યથાર્થ થાય, તેવો અભિપ્રાય હોવો જોઈએ, તેથી યથાર્થ સમયે યથાર્થપણે અને અચુકતા વડે કાર્ય થાય તેમ શીખવું જોઈએ, તે સફળતાનો વૈજ્ઞાનિક ક્રમ છે. કાર્યની યથાર્થતા, તે કાર્યની સુંદરતા છે, અને તેનાથી નિપુણતા અને ક્ષમતા નીપજે છે. શક્તિનો અપવ્યય થતો નથી–અથવા તો સમય અને શક્તિનું પૂરું વળતર મળે છે. શક્તિના વિકાસનો આધાર પણ યથાર્થતા ઉપર છે, જેમકે યથાર્થ સુવિચારણાથી આત્મજ્ઞાન પ્રગટ થાય છે.

(૬૮૭)

મુમુક્ષુજીવ દેવ, ગુરુ, શાસ્ત્ર અને સત્‌પુરુષ પ્રતિ બહુમાન, ભક્તિ, વિનયાદિ કરે છે. તોપણ તેમાં બે પ્રકાર પડે છે. યથાર્થ અને અયથાર્થ.

યથાર્થ પ્રકારે જો ઉપરોક્ત પરિણામો હોય તો સર્વત્ર તેવા પરિણામો સહજ રહે અર્થાત્ દેવ, ગુરુ, શાસ્ત્ર અને કોઈપણ પ્રસિદ્ધ - અપ્રસિદ્ધ સત્પુરુષ વિષયક પ્રભાવનાનો પ્રસંગ ઉદયમાન થતાં, ભક્તિ, વિનયાદિમાં ફેર પડતો નથી. પરંતુ અયથાર્થતામાં જીવ કોઈ અવાંતર હેતુથી અથવા વિપરીત અભિનિવેષને લીધે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ,

ભાવના કોઈને કોઈ બહાને નિષેધ કરે છે, અને તેવા પરિણામોને વિવેક સમજીને સેવે છે, અથવા વિપર્યાસને દૃઢ કરે છે. કોઈ એક પ્રસંગે વિરૂદ્ધતા થવાનું કારણ એ કે યથાર્થતામાં જીવ આવ્યો નથી. પરંતુ અન્યત્ર પોતાના પરિણામ ભક્તિ વિનયના થતા હોવાથી, પોતે ભૂલ કરતો નથી, તેવા ભ્રમમાં રહી જાય છે. આમ ગંભીર ભૂલ થઈ જાય છે; જે કાળે કરીને સ્થૂળ ગૃહિત મિથ્યાત્વ ઉત્પન્ન કરાવે તેના બીજભૂત છે. (૭૦૬)

❋

જિજ્ઞાસુ જીવે પાત્રતા / યથાર્થ મુમુક્ષુની ભૂમિકા અંગે વિચારતા, મુખ્ય બાબત, જે માર્ગાનુસારીપણું, તેનો વિચાર કરવા યોગ્ય છે. શ્રી જિને તેને સંક્ષેપમાં કહ્યું છે, કે જે જીવને સત્પુરુષની નિષ્કામભક્તિ પ્રાપ્ત થવામાં કોઈ બાધકભાવ થઈ આવતો ન હોય, અર્થાત્ સત્પુરુષની ભક્તિ પ્રાપ્ત થવાની સારી એવી યોગ્યતા પ્રગટ હોઈ, તેવા 'ગુણો' વાળાને 'માર્ગાનુસારી' ગણવા યોગ્ય છે.

'બીજરુચિ સમ્યક્ત્વ' અર્થાત્ સત્પુરુષની (ઓળખાણપૂર્વક) સ્વચ્છંદ નિરોધપણે, આજ્ઞારુચિરૂપે નિષ્કામ ભક્તિનું કારણ ઉક્ત માર્ગાનુસારીપણું થાય છે.

'બીજરુચિ સમ્યક્ત્વ' સ્પષ્ટ અનુભવાંશે પ્રતીતિનું – તે રૂપ સમ્યક્ત્વ સન્મુખનું કારણ થાય છે, કે જે નિર્વિકલ્પ પરમાર્થ સમ્યક્ત્વનું અનન્ય અને નિશ્ચય કારણ છે. આમ જિન વચનમાં, અનંત ભવ છેદક કલ્યાણમૂર્તિ સમ્યક્દર્શનનું મૂળ નજરે ચડે છે. તે અર્થે તે વચનને નમસ્કાર હો !! (૭૩૦)

❋

પરમાર્થનું કથન આત્મભાવના તથારૂપ આવિર્ભાવપૂર્વક થવું ઘટે છે અથવા આત્મભાવનો અવિર્ભાવ થવા અર્થે, પરમાર્થ વિષયક વચન-વ્યવહારમાં પ્રવર્તવાનો ઉદ્દેશ્ય હોય, તો તે યથાર્થ છે.

જો તે પ્રકારે વચન-પ્રયોગ ન થાય, તો તેમાં કૃત્રિમતા થાય છે, અથવા ઉદ્દેશ્યના અન્યથાપણાને લીધે, પ્રાયઃ કલ્પના થાય છે. તેથી વિચારવાન મુમુક્ષુજીવ અને જ્ઞાની તેવી પ્રવૃત્તિ કરતાં નથી. (૮૮૩)

❋

પરમ પદાર્થ શુદ્ધ આત્મસ્વરૂપ સિવાઈ, અન્ય કોઈ દ્રવ્ય / ભાવ અવલંબન-યોગ્ય નથી.-એમ જાણી તેના ઉપર વજન/જોર દેવામાં આવે છે, તેમાં બે પ્રકાર છે.

એક ભાવભાસનપૂર્વક, બીજું જાણપણું તે પ્રકારનું હોવાથી ઓઘસંજ્ઞાએ. ઓઘસંજ્ઞાએ ભાવભાસન વગર ગમે તેટલું જોર દેવાય, તોપણ તેમાં રાગનું બળ / પ્રધાનતા હોવાથી કૃત્રિમતા થાય છે. જેથી પરસન્મુખતા ચાલુ રહી રાગવૃદ્ધિ થશે. પરંતુ સમ્યક્ત્વ અને વીતરાગતા પ્રગટ નહિ થાય. ભાવભાસનથી જ્ઞાનબળ વૃદ્ધિગત સહેજે થઈ, સ્વસન્મુખના પુરુષાર્થ વડે, સ્વાનુભવ પ્રગટ થાય છે. જે યથાર્થ વિધિ છે. પ્રથમ પ્રકારમાં જાણપણું યથાર્થ હોવા છતાં વિધિ યથાર્થ નથી. પરંતુ જેનું વજન પર્યાય કે ભેદ ઉપર જાય છે – તે તો યથાર્થતામાં જ નથી. ત્યાં સ્વરૂપ પ્રગટ થવાનું તો બને જ ક્યાંથી? (૮૮૫)

❋

શાસ્ત્રના શબ્દનો અર્થ કરવામાં માત્ર ક્ષયોપશમની આવશ્યકતા છે. જે લૌકિક જનને પણ હોય છે. પરંતુ તેના ભાવ સમજી તેની ખતવણી કરવી તે જુદો વિષય છે. જે પાત્રતા આધારીત છે.

શાસ્ત્ર-અનુભવી, સ્વરૂપદષ્ટિવાન મહત્ પુરુષો દ્વારા રચાયેલાં છે. તેથી તેના અર્થની યથાર્થ ખતવણી સ્વરૂપષ્ટિ પ્રાપ્ત ધર્માત્મા જ કરી જાણે છે, અન્ય નહિ. શબ્દાર્થનું મહત્વ નથી, ખતવણીનું મહત્વ છે. સર્વસ્વપણે ઉપાદેય શુદ્ધાત્માની દૃષ્ટિપૂર્વક પ્રવર્તતું જ્ઞાન, યથાર્થપણે ખતવણી કરે છે, કરી શકે છે. રાગની ઉપાદેયતાવાળો જીવની ખતવણીમાં ભૂલ થાય છે. (૮૯૩)

દેહની - પીડા વગેરેનું દુઃખનું વેદન - અનુભવનો વિષય છે, માત્ર વિચારનો વિષય નથી, તો તેના નિવારણ માટે, માત્ર સુખ કે આત્માનો વિચાર કરવાથી તે દુઃખ મટવાનું કેમ બને? તે માટે તો સુખ સ્વભાવનું પરિણમન થવું ઘટે છે. કોઈ એક વિચારને વિરૂદ્ધ વિચારથી બંધ કરી શકાય, પરંતુ વેદનનું બળવાનપણું હોવાથી, તે માત્ર વિચારથી રોકી શકાય કે બંધ કરી શકાય નહિ. દુઃખનું વેદન સુખના વેદનથી જ ટાળી શકાય, સુખ સ્વભાવનું ગ્રહણ થવાથી, કલ્પના માત્રથી ઉત્પન્ન થયેલું દુઃખ, કલ્પના છૂટી જવાથી મટે છે. તેથી જ્ઞાયકનો વિકલ્પ કે ચિંતન દુઃખનો નાશ કરવા સમર્થ નથી. સુખ વેદન જ દુઃખનો ઉપાય છે. (૯૦૫)

કૃત્રિમ પુરુષાર્થ / પ્રયાસનો અભિપ્રાય છોડવા યોગ્ય છે. તેવા અભિપ્રાયમાં વિધિની ભૂલ છે. યથાર્થ જ્ઞાન વડે સહજ પુરુષાર્થનું ઉત્થાન થાય છે. અથવા ધ્યેય પ્રતિ યથાયોગ્ય પ્રકારના પરિણામો સહજ થવા લાગે (લગની, જાગૃતિ, દર્શનપરિષહ વગેરે) તે યથાર્થતાનું લક્ષણ છે. કૃત્રિમપણાનો અભિપ્રાય અયથાર્થતાનું લક્ષણ છે. તેથી કૃત્રિમતા કર્તવ્ય નથી, તેમજ અનુમોદવા યોગ્ય પણ નથી. (૯૨૬)

અનાદિથી જીવનો (ભાવમાં) રાગ પ્રતિ ઝૂકાવ છે. તે પલટીને વીતરાગતાની ઉપલબ્ધિ થવા અર્થે અંતર્મુખ થવું રહેવું તે જ ઉપાય છે, પરંતુ મુમુક્ષુતા અને નીચેના ગુણસ્થાને (મુનિદશામાં આવ્યા પહેલાં) પરિણમનનો બહુભાગ બહિર્મુખ (અનિવાર્યપણે) વર્તે છે, ત્યાં વીતરાગી મહાત્માઓ અને વીતરાગદેવોના વીતરાગભાવ સ્વરૂપને સ્મરણમાં જ્ઞાનમાં લઈ નમસ્કાર બહુમાનના ભાવો થવા સહજ છે. યદ્યપિ પરદ્રવ્ય પ્રતિના પરિણામ બહિર્મુખતાને લીધે ઉપાદેય નથી. પરંતુ 'લક્ષ'માં વીતરાગતા હોવાથી, રાગનો અને બહિર્મુખતાનો નિષેધ વર્તે છે. તેમજ / પરંતુ શુષ્કતા થતી નથી. પ્રકારાંતરે શુષ્કતાની સંભાવના રહે છે. યથાર્થતામાં ઉક્ત ભક્તિ સહજ હોય છે. (૯૬૮)

બુદ્ધિની વિશાળતા અને ઉદારતા સત્યનો સ્વીકાર કરે છે. તે સ્વીકાર થવામાં મધ્યસ્થતા હોવી અતિ આવશ્યક છે. જે જીવ મધ્યસ્થ હોય તે પોતાના નિર્ણયથી વિરુદ્ધ વાતને વિચારી શકે છે, સ્થિર ચિત્તથી વિચારી યોગ્ય અયોગ્ય સમજી શકે છે. યથાર્થતાની પ્રાપ્તિમાં મધ્યસ્થતાનું મહત્વપૂર્ણ યોગદાન છે. તેથી મુમુક્ષુએ અભિપ્રાયપૂર્વક મધ્યસ્થતા ધારણ કરવી યોગ્ય છે. મધ્યસ્થતાના અભાવમાં પોતાના અભિપ્રાય વિરુદ્ધ હકીકત, સત્ય હોય તોપણ તેનો નિષેધ આવે છે. તેથી સહજ અસરળતા થઈ જાય છે, અને નિષ્પક્ષપણે વિચારવાની યોગ્યતા હાનિ પામવાથી અયથાર્થ નિર્ણય લેવાઈ જાય છે. (૯૯૨)

સત્શ્રુત પ્રાપ્ત થવા છતાં પણ જીવને નિજ સ્વરૂપનો યથાર્થ નિશ્ચય થવામાં, એટલે કે સ્વરૂપની ઓળખાણ થવામાં અંતરાયરૂપ જીવનો મતિ વિપર્યાસ છે. તે મતિ વિપર્યાસ, પરમાં સુખબુદ્ધિને લીધે ઉત્પન્ન થયેલા રસને લીધે છે. અંતરથી આત્મકલ્યાણની ભાવનાપૂર્વક, આ વિભાવરસને ઝેર જાણી, મોળો (ફીક્કો) પાડવામાં આવતાં વૈરાગ્ય અને ઉપશમ પ્રગટે છે. આમ યથાર્થપણે વિભાવભાવો નીરસ થયાં પહેલાં, સ્વરૂપને સમજવા જતાં, જાણ્યે અજાણ્યે સ્વરૂપનો અન્યથા - કલ્પિત નિર્ધાર થઈ જાય છે. કારણકે મિથ્યાત્વ મોળું પડ્યું નથી. તેથી પરમાં સુખબુદ્ધિ એજ આરંભ - પરિગ્રહ છે, કે જે યથાર્થ વૈરાગ્ય - ઉપશમરૂપ આત્માર્થીની યથાર્થ ભૂમિકાના વેરી છે, વિરોધી અને ઘાતક છે. આત્માર્થી જીવે સર્વ ઉપદેશ અને સિદ્ધાંતને ઉપશમ અર્થે (વિભાવરસ તોડવા અર્થે) ગ્રહણ કરવા યોગ્ય છે, અને તે જ યથાર્થતા છે. (૧૦૩૯)



## ‘દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ’માંથી શ્રી નિહાલચંદ્ર સોગાનીજી દ્વારા સાધર્મીઓને લખાયેલ આધ્યાત્મિક પત્ર

(૨૮)

કલકત્તા
૧૪-૭-૬૨

ॐ

**શ્રી સદ્‌ગુરુદેવાય નમઃ**

**આત્માર્થી... સોનગઢ, ધર્મસ્નેહ.**

આપનો પત્ર મળ્યો. આ પહેલાંનો એક પત્ર લગ્ન પ્રસંગે મળ્યો હતો, જેનો જવાબ પણ આપ્યો હતો, વચ્ચે કોઈ પત્ર મળ્યો નથી. પ્રત્યેક પત્રમાં મારે ત્યાં આવવા માટેનો સ્વાભાવિક રાગ-વશ આપનો અનુરોધ રહે છે અને ન આવવા બદલ ઘણો ઘણો ઠપકો અને ઉપદેશ પણ હોય છે. મારા પરિણામોની સમયે સમયે બદલાતી સ્થિતિ તો લખી ન શકાય છતાં એટલું તો કહી શકું કે રસ વિના જ પરિસ્થિતિવશ લાચારીથી જ અહીંના અશુભ ઉપયોગમાં રહેવાનું થઈ રહ્યું છે. મારી ભૂમિકામાં અશુભ ઉપયોગની જ અધિકતા છે, સ્થિરતાના પ્રયત્ન સમયે પણ; વધુ શું લખું? ધ્રુવ આત્મા તો પરિણામોમાં પણ કિંચિત્ ફેરફાર કરી શકતો નથી. ધ્રુવમાં શ્રદ્ધાની યથાર્થ વ્યાપકતાનો આ નિયમ ‘શ્રી ગુરુદેવે’ બતાવ્યો છે તે સત્ય જ છે, એની સમજ પણ છે. રાગને આ તરફ કરો કે પેલી તરફ કરો વગેરે તો પરિણામોમાં અસ્તિત્વ સમજનારાઓ માટે મુખ્યતઃ અપેક્ષાઓનું કથન છે. પરિણામ શુભ છે કે અશુભ છે, એમાં કેટલોક પુરુષાર્થ પણ સહજ લાગી જાય છે-આદિ ધ્રુવની એકતા સહિતના જ્ઞાનમાં આવતું રહે છે. શ્રદ્ધાની અખંડ એકતાની સાથોસાથ ચારિત્રની અખંડતા પણ ધ્રુવની સાથે થઈ જાય એ જ એક લક્ષ્ય છે, અને યથાર્થ શ્રદ્ધાની સાથે એવું (ચારિત્ર) જ થશે એવો નિયમ છે. એ (શ્રદ્ધા) થયા વિના અને માત્ર એવું (શ્રદ્ધા સાથે ચારિત્ર) આવ્યા વિના જીવને ચેન નથી. અન્ય તરફના રાગમાં નિરંતર રસ નથી. પછી ભલે તેમાં ક્ષણિક રસ પણ દેખાય. શુભ નિમિત્તોના સંગે અધિક મંદ કષાયાદિ હોવાથી સ્થિરતા પણ અધિક અને શીઘ્ર થતી રહે છે, એ પણ જ્ઞાનમાં છે; પરંતુ મુખ્ય સંગ તો નિર્બાધ અપરાધીન (સ્વતંત્ર) ચૈતન્યનો જ છે. અન્ય સંગ તો ઉદયાધીન છે. અધિક લખવામાં સાર નથી. એ તરફ આવવાનો વિકલ્પ પણ ઘણીવાર આવે છે પણ તે અધિક જોર કરી શકતો નથી. આપના પત્રોમાં કેવળ ત્યાં આવવા બાબત લખાતું હોવાથી ઉપર્યુક્ત કારણોથી શો જવાબ આપું ? મારી આવી સ્થિતિમાં તમે ‘શ્રી ગુરુદેવ’ના ખાસ ખાસ ન્યાયો રોજના અગર અઠવાડિયાના એકઠા લખો તે અત્યંત પ્રિય લાગશે. આવવાનું તો થાય ત્યારે ખરું. કદાચ જલદીથી આવી પણ જાઉં એવો યોગ પણ દેખાય છે.

બધી બહેનોને તેમ જ શશીભાઈને ધર્મસ્નેહ.

**આત્માર્થી.**



## પૂજ્ય બહેનશ્રીની વીડિયો તત્ત્વચર્ચા
## મંગલ વાણી–સીડી–૧ A

**પ્રશ્ન :–** મારે આત્મા જ પ્રાપ્ત કરવો છે. એવી જે ભાવનાથી ઉપડ્યો હતો એ ભાવના જો મંદ પડી જાય...

**ઉત્તર :–** એ ભાવના મંદ પડે તો નિર્ણય ફરી જાય.

**પ્રશ્ન :–** આવી રીતે કરેલો હોય તોપણ?

**ઉત્તર :–** તોપણ. ભાવના મંદ પડે કે મારે આત્માનું જ કરવું છે, આત્મા જ સર્વસ્વ છે. એમ કરીને નિર્ણય કર્યો અને જો ભાવના ફરી જાય તો એના નિર્ણયમાં પણ ડામાડોળ થવાનો અવકાશ છે એની અંદર.

**પ્રશ્ન :–** માતાજી! ત્યાં આશંકા શું થાય? કે પોતાનું અને પરનું હોવાપણું દ્રવ્ય, ગુણ અને પર્યાય ત્રણેથી હોવાપણું ચેતનપણું જે મારું હોવાપણું છે, અચેતનપણું જે શરીરાદિ બધા પરદ્રવ્યોનું હોવાપણું છે. અને એ હોવાપણું એનું એના રૂપે રહ્યા કરે છે, (મારું) મારારૂપે રહ્યા કરે છે. કોઈનું ગ્રહણ થતું નથી. એટલી સમજણપૂર્વક અને નિમિત્ત નૈમિત્તિક સંબંધ છે ત્યાં પણ યોગ્યતાથી જ ... તે દ્રવ્ય જ તે પર્યાયનો કર્તા થઈને કાર્ય કરે જો. આટલું બધું નક્કી કરીને ત્યાર પછી વિકલ્પ જે કાંઈ રાગ ઉત્પન્ન થતાં હતા એને ગૌણ કરીને, એનું સ્વામિત્વપણું છોડીને હું એક જ્ઞાયક જ છું એમ...

**ઉત્તર :–** .. મોટે ભાગે ફરતો નથી. જેની ભાવના અંતરની હોય છે કે આત્માનું જ કરવા જેવું છે. એવી અંતરની જેને ભાવના હોય છે એને મોટે ભાગે ફરતું નથી. તોપણ એમાં એક અવકાશ છે. એની ભાવના મંદ પડે તો ફરે. એમ નિર્ણય એનો ઢીલો પડે જો ભાવના મંદ પડે તો.

**પ્રશ્ન :–** એટલે આપ જેમ કહો છો એમ પર્યાયે પર્યાયે પુરુષાર્થ જોઈએ એમ અહીંયાં પણ એવી ભૂમિકામાં પણ નિરંતર એ જાતનો પુરુષાર્થ...

**ઉત્તર :–** પુરુષાર્થ હોવો જોઈએ. જેને કહેવાય છે ને તું સત્સંગ કરજે, ગુરુની વાણી સાંભળજે, તારા આત્માની રુચિ જગાવવા માટે. એમ પોતાનો પુરુષાર્થ એટલો ન હોય તો બીજા સંગોમાં તું રહીશ નહિ. જેમાં આત્માની વાત હોય, સત્સંગ હોય એવા પરિચયમાં રહેજે, વારંવાર એના વિચાર કરજે, સ્વાધ્યાય કરજે. એમ આવે છે. કારણ કે તારી રુચિને પુષ્ટિ મળે, તારી ભાવનાને પુષ્ટિ મળે. પુરુષાર્થ મંદ હોય, બીજા સંગમાં રહે તો એની રુચિને મંદ થવાનું કારણ બને. જો એટલો પુરુષાર્થ ન હોય તો. નહિતર કેટલાય એવા પણ હોય કે ગમે તેવા સંયોગમાં હોય તોપણ પુરુષાર્થથી પોતાની રુચિને દૃઢ જાળવી રાખે છે. અને પોતે એમ ને એમ આગળ પણ વધે છે. એવા પોતાના પુરુષાર્થથી એમ પણ બને છે. પણ કેટલાકને જો એટલો પુરુષાર્થ ન હોય તો એને બહારની અસર એને પોતાના પુરુષાર્થની મંદતાએ થાય છે. માટે તું તારી રુચિ, નિર્ણય એ બધું પુરષાર્થથી જાળવી રાખજે. એમ કહે છે.

**પ્રશ્ન :–** માતાજી! રુચિ એક જુદી વસ્તુ છે અને જ્ઞાનથી કરેલો નિર્ણય એક જુદી વસ્તુ છે. છતાં રુચિ મંદ થતા નિર્ણય આ રીતે સમજણપૂર્વક કર્યો હોય તોપણ પાછો ફરી જાય ખરો?

**ઉત્તર :–** રુચિ મંદ પડે તો નિર્ણય પછી મંદ પડે છે. એટલી એની દૃઢતામાં મોળપ આવી જાય છે.

ફરી ન જાય...

**મુમુક્ષુ :-** .. થઈ ગયું.

**ઉત્તર :-** મોળપ આવી જાય છે.

**મુમુક્ષુ :-** કેમકે એક એવું પરિણતિમાં જોવા મળે કે મહિનો, બે મહિના અમુક ચિંતવન ચાલ્યું હોય ત્યારે આપણને એમ લાગે કે આ નિર્ણય છે. હવે આ નિર્ણય ફરશે નહિ. પાછું એવું પણ લાગે કે રુચિ મંદ પડતી દેખાય અને રુચિ મંદ પડે એટલે કે ઓલો નિર્ણય આપ કહો છો એ પ્રમાણે ઢીલો પડી જાય. એવો પણ ખ્યાલ આવે ત્યારે એમ થઈ જાય કે આ આટલું બધું સમજણપૂર્વક અને કોઈપણ કહે તો ન્યાય યુક્તિથી શંકા વિનાનો જે નિર્ણય કર્યો છે એમાં કેમ આ રીતે થઈ ગયું છે? પણ આપ કહો છો એ પ્રમાણે રુચિ મંદ પડે તો (ફરી જાય).

**ઉત્તર :-** નિર્ણય મોળો પડે છે. સમજણપૂર્વક હોય કે આ વસ્તુનો સ્વભાવ આ જ છે. આ મારો સ્વભાવ નથી. પણ રુચિ મંદ પડવાથી આત્માનું કરવા જેવું છે એમ હોવા છતાં જો પોતાની રુચિ અને પુરુષાર્થ મંદ પડે. કારણ કે જે નિર્ણય કર્યો એ રીતે પોતાનું કાર્ય જે અંદર એવી જાતની ભાવના જો ટકી રહેતી નથી તો એ નિર્ણય નિર્ણયરૂપે પછી શુષ્કતાને પામી જાય છે. એ મોળો પડી જાય છે. એ બધું ઠીક. આ બધું છે. પણ અંદર જે લાગવું જોઈએ કે જુદું છે પણ આત્માનો સ્વભાવ આ છે માટે એ જ કરવા જેવું છે એટલું જે ભાવનાનું જોર હતું એ મોળું પડી જાય એટલે ઓલો નિર્ણય હોય એ લુખાશને પામી જાય છે.

**મુમુક્ષુ :-** એનો અર્થ એ થયો કે નિરંતર પુરુષાર્થ અને એ જાતનો જ્યાં સુધી પોતાથી પુરુષાર્થ ન થતો હોય તો સત્સમાગમ, સત્શ્રવણ, સત્વાંચન ઈત્યાદિ બરાબર એણે રાખવું જોઈએ.

**ઉત્તર :-** એ હોવું જોઈએ બધું. સત્સંગ, શ્રવણ, મનન, સ્વાધ્યાય એ બધું. પોતાની અંદર પુરુષાર્થને જાળવવા માટે થઈને. દેવ-ગુરુ-શાસ્ત્રના પરિચયમાં રહેવું, સત્સંગમાં રહેવું. જેવો યોગ હોય. યોગ ન બને તો પોતે શાસ્ત્રનો સ્વાધ્યાય કરે.

**પ્રશ્ન :-** સત્સંગમાં રહેવાની તો ખાસ જરૂરિયાત છે. એ તો અત્યારે જે આપની ચર્ચાઓ ચાલે છે એમાંથી પણ ઘણો ખ્યાલ આવે છે કે એક નાની બાબતમાં આપણને લાગતું હોય કે આ બરાબર સમજીએ છીએ અને છતાં એમાં પણ ખરેખર જ્યારે આપ સમજાવો ત્યારે એમ થાય કે ના...

**ઉત્તર :-** એ પોતાથી ઉકેલવા જાય તો એ અર્થ મળે નહિ. એ અર્થ નીકળે જે એમના હૃદયમાંથી આવતું હોય અને એમનું જે શ્રવણ અને એ બધું થાય એમાં જે આત્માને લાભ થાય એ જુદો જ થાય. એટલે એવો નિમિત્ત-ઉપાદાનનો સંબંધ હોય છે.

**પ્રશ્ન :-** વ્યવહારને ઠેકાણે એ પણ બરાબર સમજવા જેવો છે. અને નિશ્ચય નિશ્ચયની સાથે સમજીને એનો આશ્રય કરવો એમ બે વસ્તુ જેમ છે એમ સમજવી. વ્યવહારને એમ કે વ્યવહાર એ તો ખાલી ઉપચાર છે એમ કહીને કાઢી નાખે...

**ઉત્તર :-** કાઢી નાખે એ તો સમજ્યો નથી બરાબર. નિશ્ચયને નિશ્ચય તરીકે સમજવું, આશ્રય લેવો આત્માનો. પણ વચ્ચે વ્યવહાર છે. વ્યવહાર એટલે કાંઈ છે જ નહિ એવો એનો અર્થ નથી. એ વચ્ચે સાધકદશા આવે છે પણ વ્યવહાર છે. અને મુમુક્ષુદશામાં પણ એને અંદર આત્માર્થી જે હોય એને નિશ્ચયરૂપે નિશ્ચયને સમજે, આત્માનો આશ્રય કરવા જતાં વચ્ચે આ બધું આવે છે. દેવ-ગુરુ-શાસ્ત્ર-સત્સંગ બધું એને જેમ હોય એમ સમજે.




**૧૭૫**

**મુંબઈ, કારતક વદ ૮, ગુરુ, ૧૯૪૭**

**સુજ્ઞ ભાઈ અંબાલાલ**

અત્ર આનંદવૃત્તિ છે. તમે બધાં સત્સંગની વૃદ્ધિ કરશો. છોટાલાલનું આજે પત્ર મળ્યું. તમારા બધાનો જિજ્ઞાસુ ભાવ વધો એ નિરંતરની ઈચ્છા છે.

પરમ સમાધિ છે. **વિ. રાયચંદના પ.**

**૧૭૬**

**મુંબઈ, કાર્તિક વદ ૯, શુક્ર, ૧૯૪૭**

**જીવન્મુક્ત સૌભાગ્યમૂર્તિ સૌભાગ્યભાઈ, મોરબી**

મુનિ દીપચંદજી સંબંધી આપનું લખવું યથાર્થ છે. ભવસ્થિતિની પરિપક્વતા થયા વિના, દીનબંધુની કૃપા વિના, સંતના ચરણ સેવ્યા વિના ત્રણે કાળમાં માર્ગ મળવો દુર્લભ છે.

જીવને સંસારપરિભ્રમણનાં જે જે કારણો છે, તેમાં મુખ્ય પોતે જે જ્ઞાન માટે શંકિત છે, તે જ્ઞાનનો ઉપદેશ કરવો, પ્રગટમાં તે માર્ગની રક્ષા કરવી, હૃદયમાં તે માટે ચળવિચળપણું છતાં પોતાના શ્રદ્ધાળુને એ માર્ગ યથાયોગ્ય જ છે એમ ઉપદેશવું, તે સર્વથી મોટું કારણ છે. આમ જ આપ તે મુનિના સંબંધમાં વિચારશો, તો લાગી શકશે.

પોતે શંકામાં ગળકાં ખાતો હોય, એવો જીવ નિઃશંક માર્ગ બોધવાનો દંભ રાખી આખું જીવન ગાળે એ તેને માટે પરમ શોચનીય છે. મુનિના સંબંધમાં આ સ્થળે કંઈક કઠોર ભાષામાં લખ્યું છે એમ લાગે તોપણ તેવો હેતુ નથી જ. જેમ છે તેમ કરુણાર્દ્ર ચિત્તે લખ્યું છે. એમ જ બીજા અનંતા જીવ પૂર્વકાળે રખડ્યા છે, વર્તમાનકાળે રખડે છે, ભવિષ્યકાળે રખડશે. જે છૂટવા માટે જ જીવે છે તે બંધનમાં આવતો નથી આ વાક્ય નિઃશંક અનુભવનું છે. બંધનનો ત્યાગ કર્યે છૂટાય છે, એમ સમજ્યા છતાં તે જ બંધનની વૃદ્ધિ કર્યા કરવી, તેમાં પોતાનું મહત્ત્વ સ્થાપન કરવું, પૂજ્યતા પ્રતિપાદન કરવી, એ જીવને બહુ રખડાવનારું છે. આ સમજણ સમીપે આવેલા જીવને હોય છે, અને તેવા જીવો સમર્થ ચક્રવર્તી જેવી પદવીએ છતાં તેનો ત્યાગ કરી, કરપાત્રમાં ભિક્ષા માગીને જીવનાર સંતના ચરણને અનંત અનંત પ્રેમે પૂજે છે, અને જરૂર તે છૂટે છે. દીનબંધુની દૃષ્ટિ જ એવી છે કે છૂટવાના કામીને બાંધવો નહીં; બંધાવાના કામીને છોડવો નહીં. અહીં વિકલ્પી જીવને એવો વિકલ્પ ઊઠે કે જીવને બંધાવું ગમતું નથી, સર્વને છૂટવાની ઈચ્છા છે, તો પછી બંધાય છે કાં? એ વિકલ્પની નિવૃત્તિ એટલી જ છે કે, એવો અનુભવ થયો છે કે, જેને છૂટવાની દૃઢ ઈચ્છા થાય છે, તેને બંધનનો વિકલ્પ મટે છે; અને એ આ વાર્તાનો સત્સાક્ષી છે. એક બાજુથી પરમાર્થમાર્ગ ત્વરાથી પ્રકાશવા ઈચ્છા છે, અને એક બાજુથી અલખ 'લે'માં સમાઈ જવું એમ રહે છે. અલખ 'લે'માં આત્માએ કરી સમાવેશ થયો છે, યોગે કરીને કરવો એ એક રટણ છે. પરમાર્થનો માર્ગ ઘણા મુમુક્ષુઓ પામે, અલખ સમાધિ પામે તો સારું અને તે માટે કેટલુંક મનન છે. દીનબંધુની ઈચ્છા પ્રમાણે થઈ રહેશે.

અદ્‌ભુત દશા નિરંતર રહ્યા કરે છે. અબધુ થયા છીએ; અબધુ કરવા માટે ઘણા જીવો પ્રત્યે દૃષ્ટિ છે.

મહાવીર દેવે આ કાળને પંચમકાળ કહી દુષમ કહ્યો, વ્યાસે કળિયુગ કહ્યો; એમ ઘણા મહાપુરુષોએ આ કાળને કઠિન કહ્યો છે; એ વાત નિઃશંક સત્ય છે. કારણ, ભક્તિ અને સત્સંગ એ વિદેશ ગયાં છે, અર્થાત્ સંપ્રદાયોમાં રહ્યા નથી અને એ મળ્યા વિના જીવનો છૂટકો નથી. આ કાળમાં મળવા દુષમ થઈ પડ્યાં છે, માટે કાળ પણ દુષમ છે. તે વાત યથાયોગ્ય જ છે. દુષમને ઓછા કરવા આશિષ આપશો. ઘણુંય જણાવવાની ઈચ્છા થાય છે, પણ લખવાની કે બોલવાની ઝાઝી ઈચ્છા રહી નથી. ચેષ્ટા ઉપરથી સમજાય તેવું થયા જ કરો, એ ઈચ્છના નિશ્ચળ છે. **વિ. આજ્ઞાંકિત રાયચંદના દંડવત્.**